**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૬/૦૭/૨૦૧૭ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૭૮/૧૭**

**અમદાવાદ શહેર તથા આજુબાજુના વિસ્તારોમા સોપારી તથા ગુટખા પાનમસાલા ના હોલસેલ ના વેપારી ઓની દુકાનોના શટરો ઉંચા કરી ચોરીઓ કરતી ગેંગના છ ઇસમોને ચોરી કરવા માટે ઉપયોગ મા લેતા બોલેરો મેક્ષીટ્રક તથા ચોરી કરેલ સોપારી તથા પાનમસાલા, ગુટખા, સિગરેટો વિગેરે મળી કુલ્લે ૮,૨૫,૭૫૫/- ના સરસામાન સાથેઝડપી પાડી ૧૩ જેટલી ઘરફોડ ચોરીઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેરમા તાજેતરમા બનેલ મિલકત સબંધી ગુન્હાઓ વણશોધાયેલા હોય જે વણ શોધાયેલા ગુન્હાઓ શોધી કાઢવા અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જેકૈ.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ડો.રાજદિપસિંહ ઝાલા નાઓએ ક્રાઇમબ્રાન્યના અધિકારીઓને સુચના આપેલ જે સુચના આધારે ક્રાઇમ બ્રાન્યના પોલીસ ઇન્સ્પેકટરશ્રી કે.જી.ચૌધરી તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.આર.મકવાણા નાઓનાં માર્ગદર્શન હેઠળ તેઓની ટીમના સ્ટાફનાં માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે તા.૪/૭/૧૭ નારોજ આરોપીઓ નં.(૧) ધર્મેન્દ્ર ઉર્ફે ટીટુ S/O જગદીશ રાણા (ઉ.વ.૨૮) (રહે. ભારતનગર જુની નારોલ કોર્ટની પાછળ નારોલ ગામ) (મુળ વતન ઉતરપ્રદેશ) તથા નં.(૨) રાજેશકુમાર જોગીલાલ સવિતા (ઉ.વ.૩૮) (રહે. ઉમંગ એપાર્ટમેન્ટ ગુરૂકુપા સોસાયટી પાસે નારોલ કોર્ટની પાછળ નારોલ) (મુળવતન ઉતરપ્રદેશ) તથા નં (૩) રાજકુમાર ઉર્ફે મુન્ના S/O વિધ્યારામ ચક્રવર્તી (ઉ.વ.૩૧) (રહે.શિવનગર રંગોલીનગરની સામે ગુરૂકુપા નારોલ) (મુળવતન ઉતરપ્રદેશ) તથા નં.(૪) અજય S/O કિશોરભાઇ ઠાકુર (ઉ.વ.૨૫) (રહે.વિભાગ-૧ ઇન્દીરાનગર લાંભા ગામ નારોલ) (મુળવતન ઉતરપ્રદેશ) તથા નં.(૫)મુકેશ S/O નંદકિશોર ઉપાધ્યાય (ઉ.વ.૩૦) (રહે. પ્રગતીનગર ભમરીયા કુવા પાસે લાંભા ટર્નિંગ નારોલ) (મુળવતન ઉતરપ્રદેશ) તથા નં.(૬) સંજય S/O વનમાળીભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૨) (રહે.એમ.જી.કંપનીની સામે શાહવાડી નારોલ) (મુળવતન ગામ ભાડુકા તા.મુળી જી.સુરેન્દ્રનગર) નાઓને નારોલ જુની કોર્ટ સરણીયાવાસના નાકા પાસેથી ચોરીના પાનમસાલા, તમાકુ, સોપારી વિગેર ચીજવસ્તુ મળી કુલ્લે રૂ૩,૨૫,૭૫૫/- તથા ચોરી કરવા માટે ઉપયોગમા લેતા બોલેરો મેક્ષી ટ્રક ગાડી કિં.રૂ.૫,૦૦,૦૦૦/-મળી કુલ્લે રૂ.૮,૨૫,૭૫૫/-ના મુદામાલ કબ્જે કરી પકડી અટક કરવામા આવેલ છે.

ઉપરોકત પકડાયેલ આરોપીઓ બારેજા ગોતા ઇસનપુર નરોડા સરખેજ વેજલપુર તથા બારજડી બાવળા કુષ્ણનગર હીરાવાડી રોડ ચાંદલોડીયા સોલા વિગેરે વિસ્તારોમા ઘરફોડ ચોરીના ગુન્હાઓ કરેલ છે. જે અંગે તપાસ કરતાં નીચે મુજબના ગુન્હા ડીટેકટ થયેલ છે

(૧) આજથી સવા બે મહીના પહેલા રાત્રીના ત્રણેક વાગ્યાના અરસામા વસ્ત્રાપુર રેલ્વે ફાટક સામે શ્રી જી ટ્રેડસ નામની દુકાનમાંથી (આનંદનગર I ગુરન ૫૯/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪ ૪૫૭, ૩૮૦ )

(૨) આજથી દોઢ મહીના પહેલા રાત્રીના ચાર સાડા ચાર વાગ્યાના સુમારે ચાંદલોડીયા બ્રીજ પાસે ગોતા તરફથી આવતા જમણી બાજુ શટરવાળી દુકાનમાંથી

(૩) આજથી સવા મહીના પહેલા રાત્રીના ચારેક વાગ્યાના સુમારે ઇસનપુર મીરા ચાર રસ્તા પાસે ભવાની ટ્રેડીંગ અનાજની દુકાનમાંથી (ઇસનપુર I ગુરન ૧૦૯/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦ )

(૪) આજથી સવા મહીના પહેલા રાત્રીના ચારેક વાગ્યાના સુમારે કપડવંજ સીટી કઠલાલ રોડ ઉપર આવેલ મારવાડીની અનાજની કરીયાણાની દુકાનમાંથી

(૫) આજથી દોઢ મહીના પહેલા રાત્રીના ચારેક વાગ્યાના સુમારે નારોલ સર્કલ હનુમાન મંદીર પાસે બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે વિમલના ગોડાઉનમાંથી

(૬) આજથી ૧૫ દીવસ પહેલા રાત્રીના ત્રણ થી ચાર વાગ્યાના સુમારે ઇસનપુર ભૈરવનાથ ચાર રસ્તા પાસે ઓમ ટ્રેડીંગની દુકાનમાંથી (ઇસનપુર I ગુરન ૧૨૯/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭, ૩૮૦ )

(૭) આજથી ૧૦ થી ૧૨ દીવસ પહેલા રાત્રીના ચારેક વાગ્યાના સુમારે નરોડા ગામમાં નાગણેશ્ર્વરી જવેલર્સ ની બાજુમા આવેલ ગોડાઉનમાંથી ( કુષ્ણનગર I ગુરન ૧૫૮/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭, ૩૮૦)

(૮) આજથી ૧૦ દીવસ પહેલા રાત્રીના ત્રણ સાડા ત્રણ વાગ્યાના સુમારે બારેજા ગામમાં ટોકીઝ પાસે સુપારીની દુકાનમાંથી

(૯) આજથી દોઢેક મહીના પહેલા રાત્રીના ચારેક વાગ્યાના સુમારે બારેજડી બસ સ્ટેન્ડ સામે સોપારીની દુકાનમાંથી

(૧૦) આજથી સવા મહીના પહેલા રાત્રીના ચારેક વાગ્યાના સુમારે સરખેજ ભારતી આશ્રમ રોડ શ્રી ટ્રેડસ નામની દુકાનમાંથી

(૧૧) આજથી સવા મહીના પહેલા રાત્રીના ચારેક વાગ્યાના સુમારેબાવળા આકે.વિધામંદીર પાસે શાંતીનગર સોસાયટી ની બહાર સોપારીની દુકાનમાંથી (બાવળા I ગુરન ૬૦/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦ )

(૧૨) આજથી ચાલીશ દીવસ પહેલા રાત્રીના ચારેક વાગ્યાના સુમારે સરદારનગર ઉમા સ્કુલ પાસે વજભુમી શોપીગ સેન્ટરની દુકાનમાંથી(સરદારનગરIગુરન ૧૬૭/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦ )

(૧૩) આજથી બે મહીના પહેલા રાત્રીના સાડા ચારેક પાંચેક વાગ્યાના સુમારે નરોડા હીરાવાડી રોડ પંડીત ટ્રેડસ પુષ્પક આર્કે સામે હીરાવાડી રોડ ઉપર આવેલ સોપારીની દુકાનમાંથી( કુષ્ણનગરI ગુરન ૧૬૮/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭, ૩૮૦ )

આ કામની આગળની વધુ તપાસ માટે આરોપીઓને જુદા જુદા પોસ્ટેમા દાખલ થયેલ ગુન્હામા મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે.તેમજ મુખ્ય આરોપી દીનેશ મારવાડી તથા અન્ય સંડોવાયેલ આરોપીઓની ની શોધખોળ ચાલુમા છે.

**<u>સરદારનગર પોલીસ સ્ટેશનઃ-</u>**

આજરોજ અમદાવાદ શહેર ના મે. પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પો. કમિશ્નર સેકટર ૨ સાહેબના હુકમથી તથા ઝોન-૪ સા શ્રી તથા મ.પો.કમિશ્નર શ્રી જી'ડીવીજન નાઓની જાણ સારૂ પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સાહેબ નાઓની સુચનાથી પોસઇ પી.જે.ખરસાણ તથા મસઇ અરવિંદસિંહ શંકરસિંહ બનં-૬૪૦૯ તથા હે.કો. જીવણભાઈ મેઘજીભાઈ બ.ન.૭૫૫૦ તથા પોકો પ્રવીણસિંહ દેવેન્દ્રસિંહ બ.નં:૪૮૯૭ તથા પોકો સંદીપસિંહ કોદરસિંહ બ.નં : ૩૫૦૩ તથા પો.કો કિરણકુમાર ચંદુભાઇ બનં-૫૭૭૦ તથા પોકો. કિપાલસિંહ અનવરસિંહ બ.ન ૮૮૨૧ તથા પો.કો કપીલકુમાર કાંતીલાલ બ.ન. ૯૮૯૮ તથા તથા પો.કો ભરતકુમાર ગાંડુભાઇ બ.ન. ૩૦૫ તથા પો.કો જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.ન. ૫૧૧૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પોકો. કિપાલસિંહ અનવરસિંહ બ.ન ૮૮૨૧ નાઓને બાતમી હકીકત મળેલ કે ફ્રી કોલોનીમાં રહેતા અજય અશોક છારાના મકાનની સામે આવેલ મકાનમાં ભાડે રહેતો ઇસમ નામે મહેશભાઇ ઠાકોર નાનો પોતાના મકાનમા કેટલોક ઇંગ્લીસ દારૂનો જથ્થો વેચાણ કરવા સારુ રાખી મુકેલ છે જે હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચોના માણસોને સાથે રાખી સદરી મકાનમાં રેડ કરતા નાઓ મહેશભાઇ અનાજી ઠાકોર ઉંવ.૨૬ રહે, રબારીવાસ બંગ્લા એરીયા કુબેરનગર અ'વાદ શહેર નાનો હાજર મળી આવેલ બાદ સદરી સાથે રાખી પંચો રૂબરૂ મકાનમાં તપાસ કરતા મકાનના ખુણામાથી <u>પરપ્રાંત ના ઇંગ્લીશ દારુની નાની-મોટી બોટલ તથા બિયરના ટીન મળી કુલ્લે-૧૯૭ નંગ/બોટલની કુલ્લે કિ.રુ.૪૭૫૨૫/- મતાનો</u> મળી આવતા પંચનામા વિગતે કબ્જે કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. આમ, સરદારનગર પોલીસ દ્વારા ગણના પાત્ર પ્રોહીબીશનનો જથ્થો શોધી પ્રસંશનિય કામગીરી કાર્યવાહી કરેલ છે. તા.૦૫/૦૭/૨૦૧૭.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ














નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.